# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/166 Dt. 03/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સઃ બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઇઝન' વિષય પર પાવર સેશન યોજાયું

### સંરક્ષણમાં મેક ઈન ઈન્ડિયા માટે સ્ટાર્ટઅપ્સ ખર્ચ અસરકારક ઉકેલો પર ધ્યાન આપેઃ ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે

### સુરતમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ માટેના તમામ ઘટકો હાજરઃ શ્રી આશિષ ભાટીયા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સઃ બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઇઝન' વિષય પર પાવર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત) અને ઇન્ડિયા એક્સલરેટરના સ્થાપક અને સી.ઈ.ઓ. તેમજ ફિનવોલ્વ વીસીના સહ–સ્થાપક શ્રી આશિષ ભાટીયાએ સુરતના ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટ–અપ્સ વ્યવસાયિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સફળતા માટે સૂર્ય ઉગે એ પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ શ્રી મિતિષ મોદીએ

કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, ભારતમાં સ્ટાર્ટ અપ અને યુનિકોર્ન ઈકોસિસ્ટમ ઝડપથી વિકસતી જાય છે છતાં ૯૦% સ્ટાર્ટ અપ્સ નિષ્ફળ જાય છે. જો કે, ભવિષ્ય સ્ટાર્ટ અપ્સનું જ છે.

ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત)એ 'યુદ્ધની કિંમતઃ ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ માટે વ્યૂહાત્મક અને નાણાંકીય પાઠ' પર સ્થિતિસ્થાપકતા, શિસ્ત અને વ્યૂહાત્મક આયોજન પર ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સ વ્યવસાયિકોને માર્ગદશન આપ્યું હતું. તેમણે યુદ્ધની કિંમત સમજાવતા કહ્યું હતું કે, યુદ્ધ એ પ્રથમ નહીં પણ અંતિમ વિકલ્પ હોવો જોઈએ. સંરક્ષણમાં આત્મનિર્ભરતાની વાત કરતા કહ્યું કે સંરક્ષણમાં પણ સ્ટાર્ટ અપ્સે મોટી ભૂમિકા ભજવવાની છે. આપણે હવાઈ જહાજ હજી બહારથી ખરીદવા પડે છે. લડાઈ હવે ડ્રોન અને એન્ટી ડ્રોન સિસ્ટમની વચ્ચે છે. સ્ટાર્ટ અપ્સે ખર્ચ અસરકારક વિકલ્પો અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેવી સલાહ તેમણે આપી હતી.

શ્રી આશિષ ભાટીયાએ 'ઈન્ડિયા એકસલરેટર સુરતને આગામી સિલિકોન વેલીમાં કેવી રીતે ફેરવી શકે?' તે દિશામાં સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નવા સ્ટાર્ટઅપને ઝડપી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માર્ગદર્શન, નેટવર્કિંગ અને રોકાણકારો પાસેથી મૂડી મેળવવામાં મળી રહેલી મદદને સમર્થન આપતા સુરતની ઉદ્યોગ સાહસિક ઇકો સિસ્ટમને કેવી રીતે વિસ્તૃત કરી શકાય તે અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે સ્ટાર્ટ અપ્સને બર્ગર બનાવવા સાથે સરખાવતા કહ્યું કે વિશ્વના ૨૫% યુનિકોર્ન્સ સિલિકોન વેલીમાં છે. સમગ્ર દેશની સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમમાં સુરતનો ક્રમ છેક ૧૫મો છે, પણ હવે ૪૫% સ્ટાર્ટ અપ્સ ટિયર ૨–૩ શહેરોમાં થઈ રહ્યા છે. સુરત વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું શહેર છે. સુરતમાં સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ વિકસવા માટેના તમામ ઘટકો હાજર છે. ૯૦% હીરા પોલિશ કરતું સુરત હવે વિશ્વના સ્ટાર્ટ અપ્સને પોલિશ કરવા સજ્જ છે.

ચેમ્બરના સભ્ય શ્રી સમકિત શાહ અને ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના કો–ચેરમેન એડવોકેટ અનિલ શાહે વકતાઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેશનનું સંચાલન કાર્યક્રમના કન્વીનર શ્રી ધર્મેશ મહેતાએ કર્યું હતું. બંને વકતાઓએ યુવા ઉદ્યોગ સાહસિકોની વિવિધ મુંઝવણો પ્રશ્નોત્તરી સેશનમાં દૂર કરી હતી. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઈએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.